# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PORBANDAR DRUGS

પોરબંદરના દરિયાકાંઠેથી 200 કિલોગ્રામ શંકાસ્પદ કેમિકલ પકડાયું છે. ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATS અને તટ રક્ષકની સંયુક્ત કાર્યવાહીમાં પોરબંદરથી 140 નોટિકલ માઈલ દૂર શંકાસ્પદ હોડીમાંથી બે શખ્સની પણ ધરપકડ કરવામાં આવી છે. આ અંગે ATSના DIG સુનિલ જોશીએ વધુ માહિતી આપી.

**(BYTE- SUNIL JOSHI, DIG, ATS)**

. . . . . . . . . . . . . .

# AMIT SHAH GNR MEETING

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓના ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય સમેલન "મંથન"નું ઉદ્ઘાટન કર્યું. આ બેઠકમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

એક દિવસની બેઠક દરમિયાન, કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ બે લાખ નવા બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ- PACS સ્થાપવાની પ્રગતિ અને વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ વધુ સારા અનાજ સંગ્રહ માટે આધુનિક વેરહાઉસના રાષ્ટ્રવ્યાપી વિસ્તરણની સમીક્ષા

કરવામાં આવી રહી છે.. PACSના સમય-મર્યાદા કમ્પ્યુટરાઇઝેશનની સાથે, નિકાસ અને બીજ માટે નવી રચાયેલી રાષ્ટ્રીય સંસ્થાઓમાં રાજ્યોને એકીકૃત કરવા પર પણ ચર્ચા થઇ રહી છે..આ સમેલનમાં સહકારી બેંકોના ડિજિટાઇઝેશન, રાજ્ય સહકારી કાયદાઓમાં કાનૂની સુધારા અને અમૂલ અને NDDB સાથે સહયોગમાં ડેરી નેટવર્કના વિસ્તરણ પર પણ ચર્ચા કરાશે.

અમારાં સંવાદદાતા અપર્ણા ખૂંટના અહેવાલ મુજબ, બેઠક દરમિયાન, શ્રી શાહે વર્ચ્યુંઅલી ગુજરાતના 258 કરોડ રૂપિયાના પાંચ સહકારી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને સાવરકુંડલા તથા પાટણ એપીએમસી ખાતે 7 કરોડ રૂપિયાથી વધુના મોટા વેરહાઉસ સહિત બે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો.

. . . . . . . . . . . . .

# AMIT SHAH SOLA CIVIL LOKARPAN

કેન્દ્રીય ગૃહ  અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે સોલા સિવિલ ખાતે 'મોબાઇલ બ્લડ કલેક્શન વાન' અને 'નિયોનેટલ વેન્ટિલેટર'નું લોકાર્પણ કરાયુ હતું.. સાંસદ નિધિની ગ્રાન્ટમાંથી જનતાને અર્પણ કરાયેલી અત્યાધુનિક વાન અંતરિયાળ વિસ્તારોમાં રક્તદાન માટે આશીર્વાદરૂપ બનશે.. નવજાત શિશુઓ માટેના અત્યાધુનિક વેન્ટિલેટરથી ઈમરજન્સી સારવાર વધુ સુદ્રઢ બની છે. "રક્તદાન કરો, જીવન બચાવો" ના ઉમદા ઉદ્દેશ્ય સાથે આ સુવિધાઓ જનતા માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ

નવી સુવિધાઓના અત્યાધુનિક સાધનોના ઉમેરાથી સામાન્ય નાગરિકોને ઘર આંગણે શ્રેષ્ઠ સારવાર મળી રહેશે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA QUESTIONARY

**બનાસકાંઠા જીલ્લાનાં દાંતા તાલુકાના ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખનીજવાર આવેલ કુલ ૧૦૭ લીઝો પૈકી ૭૬ કાર્યરત અને ૩૧ લીઝ એ.ટી. બંધ કરાઈ હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભાગૃહમાં જણાવ્યું હતું.. દાંતા તાલુકામાં ગ્રેનાઈટની ૦૨ અને બિલ્ડિંગ સ્ટોનની ૭૪ આમ કુલ ૭૬ લીઝ કાર્યરત હોવાનું તેમણે ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું..**તેમણે વધુમાંમ જણાવ્યું કે, ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બિલ્ડિંગ સ્ટોન ખનીજની લીઝો છે.

. . . . . . . . . . . . .

# GUJARAT SIR

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIR બાદ આજે આખરી મતદાર યાદી આજે જાહેર થશે. 19 ડિસેમ્બરે મુસદ્દા મતદાર યાદી

જાહેર કરવામાં આવી હતી જેમાં 4 કરોડ 34 લાખ 70 હજાર 109 મતદાર નોંધાયા હતા. આ યાદીમાંથી 73 લાખ 73 હજાર 110 મતદારો ઓછા થયા હતા.

ઉલ્લેખનીય છે કે SIR પ્રક્રિયા અગાઉ રાજ્યમાં 5 કરોડ 8 લાખ 43 હજાર 219 મતદારો નોંધાયા હતા.

. . . . . . . . . . . . . .

# BOARD EXAM - HALL TICKET

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર ધોરણ 10 અને 12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનાર વિધાર્થીઓ આજથી હૉલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. ધોરણ 10 અને ધોરણ 12 ના બંને પ્રવાહોની પરીક્ષા 26 મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. પરીક્ષાર્થીઓ આજે બપોરે 3 વાગ્યાથી બોર્ડની વેબસાઇટ gsebht.in અથવા gseb.org પરથી હૉલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

દરમિયાન અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ માટે "બોર્ડ પરીક્ષા સહાયક પુસ્તિકાનું વિમોચન કરાયું. ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ માટે સ્પેશિયલ ગાઈડબુક, ગૂગલ મેપ લિંક અને હેલ્પલાઇન નંબરોથી સજ્જ આ પુસ્તિકામાં પરીક્ષાર્થીઓની સુવિધા માટે પરીક્ષા કેન્દ્રના લોકેશનથી લઈને ટ્રાફિક વ્યવસ્થા સુધીની તમામ માહિતીઆપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# CBSE DIU

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSE ધોરણ 10ની પરીક્ષા આજથી શરૂ થઈ છે. ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં 229 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ અંગે દીવ કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય કુસુમલતા મીનાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE – KUSUMLATA MINA, PRINCIPAL, DIU)**

. . . . . . . . . . . . .